સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત
જિલ્લા રમત ગમત અધિકારી, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, નડીઆદ
સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ,મરીડા ભાગોળ,નડીઆદ,જિ.ખેડા-૩૮૭૦૦૧, Mail ID : dso-sycd-khed@gujarat.gov.in

ક્રમાંક/જ.ર.ગ/ખે.કુ/૨૦૨૬/૯૦ થી ૧૫૦ તા:-૨૧/૦૧/૨૦૨૬

પ્રતિ,
જિલ્લા રમત ગમત અધિકારીશ્રી તમામ,
જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી તમામ,

વિષય:- ખેલ મહાકુંભ-૨૦૨૫ રાજ્યકક્ષા વોલીબોલ ભાઈઓ સ્પર્ધાના આયોજન બાબત

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, ખેલ મહાકુંભ-૨૦૨૫ અંતર્ગત રાજયકક્ષા વોલીબોલ તમામ ભાઇઓ સ્પર્ધાનું આયોજન નડીઆદ ખાતે તા.૫-૨-૨૦૨૬ થી ૧૧-૨-૨૦૨૬ કરવામાં આવનાર છે જે અંગે આપના જિલ્લાની ઝોનકક્ષાએથી રાજ્યકક્ષા માટે કોલીફાઇડ થયેલ ટીમના ખેલાડીઓની એન્ટ્રી અધિકારીના સાહિસીક્કા (ઓનલાઇ વિનિંગ મોડ્યુઅલ) કર્યા બાદ KMK ID સાથેની એન્ટ્રીઓ dso-sycd-khed@gujarat.gov.in પર મોકલી આપવી. દરેક ટીમોને તાત્કાલીક કાર્યક્રમની જાણ કરવા વિનંતી.

<u>વોલીબોલ</u>

<u>રાજય કક્ષા સ્પર્ધા તમામ વય ગૃપ ભાઇઓ વિગતવાર કાર્યક્રમ</u>:-

| ક્રમ | વિગત | રીપોર્ટીંગ તારીખ અને સમય | સ્પર્ધા સ્થળ | સ્પર્ધા શરૂ થવાનો સમય |
|---|---|---|---|---|
| ૧. | તમામ ગ્રુપ ભાઇઓ અંડર-૧૪, અંડર-૧૭ ઓપન | તા.૦૫-૨-૨૦૨૬ બપોરે ૨.૦૦ વાગ્યે | અંબુભાઇ પુરાણી સ્પોટ્સ કોમ્પલેક્ષ મરીડા ભાગોળ, નદીઆદ, જિ. ખેડા | તા.૦૫-૦૨-૨૦૨૬ સાંજે ૫:૦૦ કલાકે |

**સ્પર્ધા સ્થળ** :- અંબુભાઇ પુરાણી સ્પોટ્સ કોમ્પલેક્ષ,
મરીડા ભાગોળ, નડીઆદ, જિ. ખેડા

સંપર્ક:- નોડલ ઓફીસર (૧) વિષ્ણુભાઈ વસાવા- ૭૦૪૬૧૬૩૧૨૧
(૨) સાદીક મલીક –૭૬૦૦૭૬૦૯૨૯
(3) રાધિકાબેન - ૮૭૮૦૩૮૭૦૧૨

**-: સ્પર્ધા અંગેની જરૂરી સૂચના :-**

1. ભાગ લેનાર ખેલાડીની સંખ્યા ૧૨ (બાર) અને સાથે ૧ (એક) મેનેજર અને ૧ (એક) કોચશ્રીએ આવવાનું રહેશે.
2. પરિપત્રની એક નકલ ટીમ મેનેજરને અચૂક પણે આપવાની રહેશે અને એન્ટ્રીની ઓરીઝનલ નકલ પણ સાથે લાવવાની રહેશે.
3. તમામ ખેલાડીઓનું ખેલ મહાકુંભ 3.0 નું એલીજીબીટી ફોર્મ જિલ્લા રમત ગમત અધિકારીશ્રી અને જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રીના સહી સિક્કા અને શાળાના સહી સિક્કા સાથેનું લાવવાનું રહેશે.
4. ટીમના દરેક ખેલાડીઓની ઓનલાઇન રજીસ્ટ્રેશનની પહોંચ ફરજિયાત સાથે લાવવી તેમજ ઓનલાઇન કે.એમ.કે. આઇ.ડી. નંબરવાળા સ્પર્ધકોને જ સ્પર્ધામાં ભાગ લેવા દેવામાં આવશે. અને તેઓએ પોતાના એક જ વયજુથમાં ભાગ લેવાનો રહેશે. ખેલાડીએ ફરજિયાત પણે પોતાના આધારકાર્ડની ઝેરોક્ષ જોડવી (ઓરિજનલ સાથે લાવવું) અને ભાગ લેનાર ખેલાડીઓના જન્મ તારીખ/રહેઠાણના જરૂરી પુરાવા સાથે લાવવાના રહેશે.
5. સ્પર્ધાને અનુરૂપ ગણવેશ પહેરવો ફરજિયાત છે.
6. સ્પર્ધા સ્થળે અને નિવાસ સ્થળે શિસ્તબધ્ધ રીતે વર્તવાનું રહેશે. કોઇ પણ પ્રકારનું નુકશાન કરવામાં આવશે તો તે નુકશાનની પૂરેપુરી રકમ જે તે ખેલાડી/મેનેજરે ભરપાઇ કરવાની રહેશે. અને પ્રવાસ ભથ્થુ ચૂકવવામાં આવશે નહિ.
7. ટીમ સાથે કોચ/મેનેજર તરીકે આવનાર વ્યક્તિએ જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રીના સહી સિક્કાવાળો ઓર્ડર અને ઓનલાઇન થયેલ રસીદ ફરજિયાત પણે સાથે લઇ આવવાની રહેશે. અન્યથા વિજેતા થયેલ ખેલાડીના કોચને રોકડ પુરસ્કાર આપવામાં આવશે નહી.
8. સ્પર્ધા દરમ્યાન જો કોઇ ઇજા કે જાનહાની થશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે ખેલાડી/કોચ અને મેનેજરની રહેશે. સ્પર્ધા સ્થળે રૂતુ અનુસાર બેડીંગ સાથે લાવવું.
9. ભોજન/નાસ્તા સમયે જે તે ટીમ સાથે તે ટીમના મેનેજર અને કોચ આવવાનું રહેશે. અને શિસ્તબધ્ધ રીતે વર્તવાનું રહેશે.
10. જે સ્પર્ધકનું ઓન લાઇન રજીસ્ટ્રેશન કરેલ હશે અને તેનું નામ એન્ટ્રીમાં દર્શાવેલ હશે તેને જ ભાગ લેવા દેવામાં આવશે.
11. જે તારીખે જે વયગૃપની સ્પર્ધા હોય તેમને જ આવવાનું રહેશે. અન્યથા નિવાસ/ભોજનની વ્યવસ્થા જાતે કરવાની રહેશે.
12. પ્રવાસ ખર્ચના નાણાં મેનેજરના બેન્ક ખાતામાં કે ચેકથી ચૂકવવામાં આવશે. જેથી મેનેજરે કેન્સલ ચેક અથવા બેન્ક ખાતાની વિગત સાથે લઇને આવવાનું રહેશે.
13. મેનેજરે ખેલાડીઓના આવવા તથા પરત જવાના પ્રવાસ ભથ્થાની વ્યવસ્થા કરી આપવાનું રહેશે.
14. સ્પર્ધા સ્થળે આવવા નીકળતા પહેલા આગળ દર્શાવેલ સંપર્ક નંબરમાં ફોન કરી સ્પર્ધા અંગેની વિગતો જાણી નિકળવા માટેની સૂચના મેનેજરને આપવાની રહેશે.
15. સ્પર્ધા લીગ કમ નોકઆઉટ પધ્ધતિ થી રમાડવામાં આવશે જેની ખેલાડી, કોચ, મેનેજરે નોંધ લેવાની રહેશે.
16. રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા જવા માટે ખેલાડી, કોચ-મેનેજરે બસ, રેલ્વે અને અન્ય સરકારી ટ્રાન્સપોર્ટનો જ ઉપયોગ કરવાનો રહેશે. અન્યથા આયોજક તરફથી પ્રવાસ ખર્ચ આપવામાં આવશે નહી.
17. ખેલાડીઓને સ્પર્ધામાં ભાગ લેવા માટે લાવતા પહેલા વાલીઓની ફરજીયાત સંમતિનું પ્રમાણપત્ર મેળવીને લાવવાનું રહેશે.
18. સ્પર્ધા વોલીબોલ એસોસિએશનના નિયમ મુજબ રમાડવામાં આવશે.
19. કોઈ પણ ટીમ સામે પ્રોટેસ્ટ લેવામાં આવે તો સમયમર્યાદામાં આધાર પુરાવા રજુ કરવાના રહેશે. અને જો આધાર પુરાવા રજુ નહી કરી શકે તો ટીમને ડિસક્વોલીફાઇ કરવામાં આવશે.

**જિલ્લા રમત વિકાસ અધિકારી**
**ખેડા – નડિયાદ**

જિલ્લા રમત ગમત અધિકારી
ખેડા – નડિયાદ

<u>સવિનય નકલ રવાના :-</u>

1. માન. અગ્રસચિવશ્રી, રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર
2. માન. ડાયરેક્ટર જનરલશ્રી, સ્પોટ્‌ર્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર
3. માન. સચિવશ્રી, સ્પોટ્‌ર્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર
4. માન. કલેક્ટરશ્રી, ખેડા – નડીઆદ
5. માન. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, ખેડા – નડીઆદ
6. માન. કમિશનરશ્રી, નડિયાદ મહાનગરપાલિકા
7. માન. પોલીસ અધિક્ષકશ્રી, ખેડા – નડીઆદ (પોલીસ બંદોબસ્ત - વ્યવસ્થા સારૂં)
8. માન. સચિવશ્રી, રાજ્ય રમતગમત પરિષદ, સ્પોટ્‌ર્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર
9. માન. ચીફકોચશ્રી, સ્પોટ્‌ર્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર
10. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ખેડા – નડીઆદ
11. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, ખેડા-નડીઆદ
12. જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, ખેડા – નડીઆદ (સ્પર્ધા સ્થળે ૧૦૮ તેમજ જરૂરી મેડીકલ ટીમની વ્યવસ્થા કરવા સારૂ)
13. નાયબ માહિતી નિયામકશ્રી માહિતી વિભાગ, ખેડા-નડીઆદ. (વિનામુલ્યે બહોળી પ્રસિધ્ધી અર્થે આપવા વિનંતી)
14. હેડ કોચ/ નોડલ અધિકારીશ્રી, ખે.મ. વોલીબોલ સ્પર્ધા ૨૦૨૫ ટેકનીકલ બાબતો અંગે જરૂરી માર્ગદર્શન તેમજ સહકાર આપવા સારૂ.
15. પ્રમુખશ્રી/મંત્રીશ્રી ગુજરાત સ્ટેટ વોલીબોલ એસોસીએશન, (પંચોની વ્યવસ્થા સારૂ)
16. પ્રમુખશ્રી/મંત્રીશ્રી, વ્યાયામ શિક્ષક સંઘ, જિ. ખેડા